# ખુદ સગા મામાએ જ ૧૪ વર્ષીય ભાણીને બનાવી ગર્ભવતી

**માતા-પિતાના** છૂટાછેડા બાદ માતા પાસે જતી કિશોરી પર નરાધમ મામાએ છ મહિના સુધી ગુજાર્યો અત્યાચાર

**દાદીની** સતર્કતાથી મામાની હવસખોરીનો ચોપડો ખુલ્લો પડી ગયો

સુરત:પાંડેસરા વિસ્તારમાં સંબંધોને શર્મસાર કરતી એક અત્યંત ગંભીર અને ચોંકાવનારી ઘટના પ્રકાશમાં આવી છે. સમાજમાં જેને રક્ષક માનવામાં આવે છે તેવા સગા મામાએ જ ૧૪ વર્ષીય સગીર ભાણીને પોતાની હવસનો શિકાર બનાવી ગર્ભવતી કરી દેતા સમગ્ર પંથકમાં ભારે રોષ અને ફિટકારની લાગણી જન્મી છે. પાંડેસરા પોલીસે આ નરાધમ રિક્ષાચાલક મામાની ધરપકડ કરી જેલના સળિયા પાછળ ધકેલી દીધો છે.

મૂળ ઉત્તર પ્રદેશના અને હાલ પાંડેસરામાં રહેતા એક શ્રમિક પરિવારમાં એક વર્ષ પૂર્વે ઘરકંકાસને કારણે પતિ-પત્નીના છૂટાછેડા થયા હતા. ૧૪ વર્ષીય કિશોરી તેના પિતા પાસે રહેતી હતી, પરંતુ અવારનવાર પાંડેસરામાં જ રહેતી તેની માતાને મળવા જતી હતી. આ દરમિયાન માતા સાથે રહેતા તેના સગા મામા આદિત્ય ઉર્ફે સેન્ટી અશોકસિંગ (ઉ.વ. ૨૬)ની દાનત બગડી હતી. જ્યારે કિશોરીની માતા મજૂરી કામ અર્થે ઘરની બહાર જતી ત્યારે આ હવસખોર મામાએ ગત ઓગસ્ટ-૨૦૨૫થી ફેબ્રુઆરી-૨૦૨૬ સુધી સતત સગીરાની એકલતાનો લાભ ઉઠાવી તેની સાથે બળજબરીપૂર્વક દુષ્કર્મ આચર્યું હતું.નરાધમ મામાના સતત શારીરિક શોષણને કારણે કિશોરી ગર્ભવતી બની ગઈ હોવા છતાં પાપી મામા તેની પર અત્યાચાર ગુજારતો રહ્યો હતો. તાજેતરમાં વતનથી સુરત આવેલા કિશોરીના દાદીની નજર પૌત્રીના ફૂલેલા પેટ પર પડતા તેમને શંકા ગઈ હતી. શરૂઆતમાં કિશોરીએ ગભરાઈને ગેસ થયો હોવાનું બહાનું કાઢ્યું હતું, પરંતુ દાદીએ કડક હાથે પૂછપરછ કરતા કિશોરી ભાંગી પડી હતી અને મામાની કાળી કરતૂતોની કથા રડતા રડતા જણાવી દીધી હતી.દાદીએ તાત્કાલિક મેડિકલ કીટ લાવી તપાસ કરતા કિશોરી ગર્ભવતી હોવાનું સ્પષ્ટ થયું હતું. આ સાંભળી પરિવારના પગ નીચેથી જમીન સરકી ગઈ હતી. પરિવારે હિંમત હાર્યા વગર પાંડેસરા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ગંભીરતા દાખવી ગણતરીના કલાકોમાં જ આરોપી આદિત્ય ઉર્ફે સેન્ટીની ધરપકડ કરી લીધી હતી.

રિક્ષા ચલાવી ગુજરાન ચલાવતા આ નરાધમે પવિત્ર સંબંધોને લજવીને માનવતા મરી પરવારી હોય તેવું કૃત્ય કર્યું છે. હાલ પોલીસે આરોપી વિરુદ્ધ પોક્સો (POCSO) સહિતની કડક કલમો હેઠળ ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# સુરતમાંથી બેના અપહરણમાં બિહારનો ગુનેગાર પકડાયો

**બંને** યુવાનો કોલકાતાના રહેવાસી હતી, યુવાનોની માતાએ કોલકાતા હાઈકોર્ટમાં અરજી કરતાં કેસ સીબીઆઈને સોંપાયો હતો

**બિહારમાં** 11 કેસમાં વોન્ટેડ ખુંખાર ભોલાસિંહ સુરતમાં અમિત શર્માના નામના નકલી દસ્તાવેજોથી ઓળખ ઉભી કરીને રહેતો હતો

નવી દિલ્હી: સુરતમાંથી કોલકાતાના બે રહેવાસીઓના અપહરણમાં સંડોવાયેલા બિહારના ખુંખાર અપરાધી ભોલાસિંહને સીબીઆઈ દ્વારા સુરતમાંથી પકડી લેવામાં આવ્યો છે. ભોલાસિંહ સુરતમાં અમિત શર્માના નામથી રહેતો હતો.

સીબીઆઈના અધિકારીઓએ જણાવ્યું હતું કે, ભોલાસિંહ 11 વર્ષ પહેલાં ગુજરાતના સુરતમાંથી કોલકાતાના બે રહેવાસીઓના અપહરણમાં સંડોવાયેલો હતો. ૧૪ જુલાઈ, ૨૦૧૪ ના રોજ ગુમ થયેલા યુવાનોની માતાઓની અરજી પર કોલકાતા હાઈકોર્ટ દ્વારા આ કેસ સીબીઆઈને સોંપવામાં આવ્યો હતો. ભોલા સિંહે કથિત રીતે પશ્ચિમ બંગાળમાં અપહરણનું આયોજન કર્યું હતું અને ગુજરાત ગયો હતો, જ્યાં તે લગભગ 11 વર્ષથી અમિત શર્મા તરીકે ઓળખાતો હતો.

ભોલા સિંહ ૨૦૧૫માં તપાસ શરૂ થઈ ત્યારથી ફરાર હતો અને અમિત શર્માના નામે નકલી ઓળખ દસ્તાવેજોનો ઉપયોગ કરીને સુરતમાં છુપાયેલો જોવા મળ્યો હતો. CBI ટીમોએ સુરતમાં સિંહના ઠેકાણા પર દરોડો પાડ્યો હતો, જ્યાં તેની ધરપકડ કરવામાં આવી હતી. 'આ કેસ ઉપરાંત, આરોપી ભોલા સિંહ બિહાર પોલીસ દ્વારા અપહરણ, હત્યાનો પ્રયાસ, હત્યા અને ગેરકાયદેસર હથિયારો અને વિસ્ફોટકો રાખવા સંબંધિત 11 કેસોમાં વોન્ટેડ ગુનેગાર છે' તેમ સીબીઆઈના પ્રવક્તાએ એક નિવેદનમાં જણાવ્યું છે.

# વેકેશનના ગાળામાં દમણમાં બ્રાન્ડેડ દારૂ બીયરની અછત વર્તાશે

**એક્સાઇઝ** વિભાગના અપડેટ થઈ રહેલા સોફ્ટવેરને પગલે જરૂરી લાયસન્સ અપડેટની પ્રક્રિયા ધીમી થતાં બ્રાન્ડેડ દારૂ બીયરની અછત




દમણ : સંઘપ્રદેશ દમણમાં હાલના દિવસોમાં બ્રાન્ડેડ દારૂ બીયરની અછત વર્તાય રહી છે. જેની સીધી અસર દમણમાં આવતા પર્યટકો પર પડી રહી છે. સંઘપ્રદેશ દમણ એક પર્યટન સ્થળ તરીકે દેશ વિદેશમાં પ્રચલિત બની જવા પામ્યું છે. અહીં પર્યટન ક્ષેત્રે થયેલા અભૂતપૂર્વ વિકાસ અને નયનરમ્ય દરિયા કિનારો પર્યટકો માટે હોટ ફેવરીટ ગણાય છે. તેમાં પણ ખાસ અહીં દારૂની છૂટ હોવાના કારણે મોટી સંખ્યામાં વીક એન્ડ અને વેકેશનના દિવસોમાં ગુજરાતના પર્યટકોનો મોટો ધસારો દમણમાં આવી દારૂ બીયર અને ખાણીપીણીની મોજ મસ્તી ઉડાવતા હોય છે. પરંતુ હાલના દિવસોમાં દમણના વિવિધ વિસ્તારમાં આવેલા વાઈન શોપમાં બ્રાન્ડેડ દારૂ અને બીયરની અછત વર્તાય રહી હોય તેવું જોવા મળ્યું છે. મોટાભાગના વાઈનશોપ પર વિવિધ બ્રાન્ડેડ દારૂ બીયરની બોટલો પુરી થઈ ગઈ હોવાનું અને સોલ્ડ આઉટના પાટીયા લાગેલા હોવાનું જોવા મળી રહ્યું છે. જેના કારણે પર્યટકોને તેમની મનગમતી બ્રાન્ડનો દારૂ બીયર ન મળતા નિરાશા સાથે તેમણે પરત ફરવું પડે છે. અથવા તો સ્થાનિક ડિસ્ટલરીનો જે તે દારૂ બીયરનો બચેલો સ્ટોક હોય છે તેને જ પી ને કામ ચલાવવું પડી રહ્યું છે. ત્યારે મળતી એક માહિતી મુજબ, આ સમસ્યા એક્સાઈઝ વિભાગના સોફ્ટવેરનું અપડેટ કાર્ય ચાલી રહ્યું હોવાના અને જરૂરી લાયસન્સ રીન્યુ કરવાની પ્રક્રિયામાં વિલંબ થવાના કારણે સર્જાય રહી છે તેવું જાણવા મળી રહ્યું છે. ત્યારે વાઈન શોપ એસો. સાથે સંકળાયેલા વાઈનશોપ સંચાલકો અને બાર એન્ડ રેસ્ટોરન્ટના માલિકો દ્વારા પ્રશાસનને અપીલ કરી છે કે, તંત્ર લાઈસન્સ રિન્યૂઅલની પ્રક્રિયાને ઝડપી બનાવે અને દારૂ બીયરની સપ્લાઈ ચેઈનને પુનઃ જલદી સ્થાપિત કરે તેવી મૌખિક રજૂઆત કરી છે. જો લાયન્સ રીન્યૂ ન થશે અને દારૂ બીયરની ટી.પી. ન મળશે તો આગામી મે મહિનાના વેકેશન ગાળામાં જો દારૂ બીયરની અછત વર્તાશે તો પર્યટન ક્ષેત્રની સાથે દારૂના વ્યવસાય સાથે સંકળાયેલા વેપારી ભાઈઓ પર તેની સીધી માઠી અસરો પહોંચશે.

# તાકા ચોરીની શંકામાં બે યુવાનને નગ્ન કરી ફટકાર્યા

**ગોડાદરાની** રાધાકૃષ્ણ માર્કેટમાં ટેમ્પો ચાલક અને તેના મિત્રને દોરડાથી બાંધી દેવાયા

**રોકડા** 23 હજાર લૂંટી ૭૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવનારા સામે ગુનો નોંધાયો

સુરતઃ ગોડાદરા વિસ્તારમાં કાયદો અને વ્યવસ્થાના લીરેલીરા ઉડાવતી એક અત્યંત અમાનવીય ઘટના પ્રકાશમાં આવી છે. રાધાકૃષ્ણ ટેક્સટાઈલ માર્કેટમાં માલની ડિલિવરી કરવા ગયેલા ટેમ્પો ચાલક અને તેના મિત્ર પર ચોરીનો આક્ષેપ મૂકી ચાર નરાધમોએ તાલિબાની સજા ફટકારી હતી. બંને મિત્રોને પતરાના શેડ નીચે દોરડાથી બાંધી, નિર્વસ્ત્ર કરી વિડિયો ઉતારવામાં આવ્યા હતા અને જાનથી મારી નાખવાની ધમકી આપી રોકડા તેમજ બેંક ખાતામાંથી કુલ રૂ. ૧.૦૩ લાખની લૂંટ ચલાવાઈ હતી. ગોડાદરા પોલીસે આ મામલે ચાર શખ્સો વિરુદ્ધ લૂંટ અને અપહરણ સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધી તપાસના ચક્રો ગતિમાન કર્યા છે.

ડિંડોલી નવાગામમાં રહેતા સૂર્યકાંત ઉર્ફે દાદુ પાટીલ ડ્રાઈવિંગ કરે છે. ગત ૧૧મી એપ્રિલના રોજ તેઓ ગોડાદરાની રાધાકૃષ્ણ માર્કેટના પાર્કિંગમાં માલ આપવા ગયા હતા. માલ ગણતરીમાં એક ટાંકો ઓછો નીકળતા હાજર ભૂરારામ ઉશ્કેરાયો હતો અને તેના અન્ય ત્રણ સાગરીતો શેઠીરામ, રાજેશકુમાર અને વિનોદને બોલાવી સૂર્યકાંત પર તૂટી પડ્યા હતા. ચારેયે ભેગા મળી તેને દોરડાથી બાંધી કપડાં ઉતરાવી નિર્વસ્ત્ર હાલતનો વીડિયો ઉતારી લીધો હતો. ત્યારબાદ તેણે સૂર્યકાંતના ફોનથી તેના મિત્ર અનિકેતને લાલચ આપી ડીએમડી માર્કેટ બોલાવ્યો હતો. તેને પણ પકડી લઈ માર મારતા મારતા પાર્કિંગમાં લાવ્યા હતા. અહીં બંને મિત્રોને લાકડાના દંડા અને લાતો વડે ઢોર માર મારવામાં આવ્યો હતો.

ગળે ચપ્પુ મૂકી અનિકેતના ખિસ્સામાંથી ૨૩ હજાર રોકડા લૂંટ્યા હતા અને ફોન-પે નો પાસવર્ડ મેળવી અલગ-અલગ સ્કેનર પર ૭૦ હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવી લીધા હતા. આ હુમલામાં સૂર્યકાંતને હાથે ફેક્ચર જેવી ગંભીર ઇજાઓ પહોંચતા સારવાર બાદ ફરિયાદ નોંધાઈ છે. સૂર્યકાંત પાટીલની ફરિયાદના આધારે ગોડાદરા પોલીસે ભૂરારામ, શેઠીરામ, રાજેશકુમાર અને વિનોદ વિરુદ્ધ આઈપીસીની લૂંટ, અપહરણ, મારપીટ અને જાનથી મારી નાખવાની ધમકી જેવી કડક કલમો હેઠળ ગુનો નોંધ્યો છે.

# નિકાસ માટે ROSCTL સ્કીમ લંબાવવામાં આવી

**મિડલ** યુદ્ધની સ્થિતિ વચ્ચે ટેક્સટાઈલ અને એપેરલ ઉદ્યોગની નિકાસને પ્રોત્સાહન આપવા સરકારનો મહત્વનો નિર્ણય

સુરત : કાપડ મંત્રાલયે કાપડ, એપેરલ અને રેડીમેડ ગાર્મેન્ટ્સની નિકાસ માટે રાજ્ય અને કેન્દ્રીય કર અને ફરજોમાં રાહત (ROSCTL) યોજના 30 સપ્ટેમ્બર, 2026 સુધી અથવા 16મા નાણા પંચ ચક્ર માટે સક્ષમ અધિકારી દ્વારા યોજનાને મંજૂરી ન મળે ત્યાં સુધી, જે પણ વહેલું હોય ત્યાં સુધી લંબાવી છે. હાલની માર્ગદર્શિકામાં કોઈપણ ફેરફાર કર્યા વિના આ વિસ્તરણ કરવામાં આવ્યું છે.

7 માર્ચ 2019 થી અમલમાં આવેલી RoSCTL યોજનાનો ઉદ્દેશ્ય ભારતના વસ્ત્રો અને તૈયાર વસ્ત્રોની નિકાસની વૈશ્વિક સ્પર્ધાત્મકતા વધારવા માટે, અન્ય કોઈપણ યોજના હેઠળ આવરી લેવામાં ન આવતા તમામ અંતર્ગત રાજ્ય અને કેન્દ્રીય કર અને જકાત પર છૂટ આપવાનો છે. આ યોજના નિકાસ પર શૂન્ય ડ્યુટીના સિદ્ધાંત પર આધારિત છે, જે નિકાસ કરેલા ઉત્પાદનોમાં સમાવિષ્ટ બિન-રિફંડપાત્ર કરની છૂટ સુનિશ્ચિત કરે છે. આ યોજના વસ્ત્રો નિકાસ ક્ષેત્ર માટે એક મુખ્ય સહાયક પદ્ધતિ તરીકે સેવા આપવાનું ચાલુ રાખે છે, ખાસ કરીને નાના અને મધ્યમ ઉદ્યોગ નિકાસકારોને લાભ આપે છે, જેઓ તેના લાભાર્થીઓનો મોટો હિસ્સો બનાવે છે. વધુમાં, સરકારે નિકાસ કરાયેલા ઉત્પાદનો પર ડ્યુટીઝ અને ટેક્સમાં માફી (RoDTEP) યોજનાને 1 એપ્રિલ, 2026 થી 30 સપ્ટેમ્બર, 2026 સુધી લંબાવી છે. આનાથી એવા કાપડ ઉત્પાદનોને ફાયદો થશે જે RoSCTL હેઠળ આવરી લેવામાં આવતા નથી, જેમાં ITC (HS) ના પ્રકરણ 61, 62 અને 63 હેઠળ આવરી લેવામાં આવતા નથી.

### શાળાઓમાં CT અને AI શિક્ષણને વેગ આપવા

# ધોરણ ૩ થી ૮ માટે CBSEની નવી રિસોર્સ બુક જાહેર કરાઈ

**NEP** અને NCFSE-2023 મુજબ ટેક્નોલોજી આધારિત શિક્ષણ પર ભાર મુકાયો

**વિદ્યાર્થીઓમાં** વિચારશક્તિ, સમસ્યા નિરાકરણ અને નૈતિક સમજ વિકસાવવાનો હેતુ

## ધોરણ ૯થી ૧૨ માટે NCERT દ્વારા નવા મોડ્યુલ તૈયાર કરાશે

CBSEએ સ્પષ્ટ કર્યું છે કે 2026-27થી ધોરણ ૯માં ચાલી રહેલા અન્ય AI કોર્સ બંધ કરવામાં આવશે, જ્યારે ધોરણ ૧૦ માટે હાલની પદ્ધતિ ચાલુ રહેશે. ધોરણ ૯થી ૧૨ માટે NCERT દ્વારા નવા મોડ્યુલ તૈયાર કરવામાં આવશે. આ રિસોર્સ બુક CBSEની સત્તાવાર વેબસાઇટ પર ઉપલબ્ધ છે અને તમામ શાળાઓને તેને ડાઉનલોડ કરીને વર્ગખંડમાં ઉપયોગ કરવા માટે સૂચના આપવામાં આવી છે. શિક્ષણ પદ્ધતિમાં મુખ્ય ભાર યોગ્ય જવાબ કરતાં વિચાર કરવાની પ્રક્રિયા પર રહેશે, જેથી વિદ્યાર્થીઓ આત્મવિશ્વાસી અને સ્વતંત્ર વિચારક બની શકે.

સુરતઃ કેન્દ્રિય માધ્યમિક શિક્ષણ બોર્ડ (CBSE) દ્વારા ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે કોમ્પ્યુટેશનલ થીંકીંગ અને આર્ટીફીશીયલ ઈન્ટેલિજન્સ (CT અને AI) વિષયક નવા સ્ટુડન્ટ્સ અને ટીચર્સ હેન્ડબુક (રિસોર્સ બુક) જાહેર કરવામાં આવ્યા છે. આ પહેલ રાષ્ટ્રીય શિક્ષણ નીતિ (NEP) અને NCFSE-2023ના માર્ગદર્શનમાં વિદ્યાર્થીઓને ભવિષ્યના ટેક્નોલોજી ક્ષેત્રમાં આગળ વધારવા માટે કરવામાં આવી છે.

નવી શિક્ષણ પદ્ધતિ અંતર્ગત વિદ્યાર્થીઓને માત્ર AI નહીં પરંતુ વિશાળ સ્તરે કોમ્પ્યુટેશનલ થીંકીંગ (CT) શીખવવામાં આવશે, જેમાં સાયબરસિક્યોરિટી, નેટવર્કિંગ જેવા મૂળભૂત વિષયોનો પણ સમાવેશ થાય છે. CBSE દ્વારા આ અભ્યાસક્રમમાં AI, CT અને નૈતિકતા સાથે "અનપ્લગ્ડ્ લર્નિંગ"નો સમાવેશ કરવામાં આવ્યો છે, જેથી વિદ્યાર્થીઓમાં તર્કશક્તિ અને સર્જનાત્મકતા વિકસે. આ રિસોર્સ બુક ટેક્સ્ટબુક તરીકે નહીં પરંતુ NCERTના ગણિતના પાઠ્યપુસ્તક સાથે સહાયક સામગ્રી તરીકે તૈયાર કરવામાં આવ્યા છે. ગણિતના ચેપ્ટર મુજબ જ તેમાં પ્રશ્નો અને પ્રવૃત્તિઓ ગોઠવવામાં આવી છે, જેથી શિક્ષકો સરળતાથી રોજિંદા શિક્ષણમાં તેનો સમાવેશ કરી શકે. શિક્ષકોને સૂચના આપવામાં આવી છે કે તેઓ પ્રશ્નોના સીધા જવાબ આપવાના બદલે વિદ્યાર્થીઓને વિચારવા પ્રેરિત કરે અને ચર્ચા દ્વારા ઉકેલ તરફ દોરી જાય. અભ્યાસક્રમમાં વિદ્યાર્થીઓને પાવર અને નંબર સિસ્ટમ, પ્રોપોર્શનલ રીઝનિંગ, જ્યોમેટ્રિક પેટર્ન અને એલ્ગોરિધમ ડિઝાઈન જેવા વિષયો પર કાર્ય કરાવવામાં આવશે. સાથે સાથે AIના પ્રોજેક્ટ લાઈફસાયકલ, ડેટા આધારિત નિર્ણય પ્રક્રિયા અને બાયસ તથા ફેરનેસ જેવા નૈતિક મુદ્દાઓ પર પણ સમજણ આપવામાં આવશે.

# સચિન GIDCમાં ગ્રીન સ્પેસમાં બનાવેલા શોર્ટકટનું લોકાર્પણ

**એક** કિમી લાંબી ફરતે જવાની મુશ્કેલીમાંથી મુક્તિ



સુરતઃ સચિન જીઆઈડીસી સાગર ચોકડી પાસે, પ્લોટ નં. ૪૩૫ના પાછળના ભાગે આવેલી ગ્રીન સ્પેસમાં સચિન નોટીફાઈડ ઓથોરીટી દ્વારા સફાઈ અને લેવલીંગની કામગીરી હાથ ધરવામાં આવી હતી. ત્યારબાદ ટુ-વ્હીલર અને ફોર-વ્હીલર જેવા નાના વાહનો માટે કાચો રસ્તો બનાવી અવરજવર માટે સુવિધા ઊભી કરવામાં આવી છે.

આ નવી વ્યવસ્થાના કારણે ઉદ્યોગકારો અને કામદારોને હવે વસાહતના સરદાર વલ્લભભાઈ પટેલ ઝોન સુધી પહોંચવા માટે અંદાજે એક કિલોમીટર જેટલો લાંબો ફેરો મારવાની જરૂર રહેશે નહીં અને શોર્ટકટ મારફતે સરળતાથી ગંતવ્યસ્થાને પહોંચી શકાશે.

આ રસ્તાનું લોકાર્પણ ઉદ્યોગકાર મિત્રો ભરત મોવલીયા અને ગીરીશભાઈ ગોધાણીના હસ્તે રીબન કાપીને કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન સચિન ઈન્ડસ્ટ્રીયલ સોસાયટીના પ્રમુખ કિશોર પટેલ, ઉપપ્રમુખ નિલેશ ગામી, સેક્રેટરી મયુર ગોળવાલા, ડિરેક્ટર ગૌરાંગ ચપટવાલા, ભીખુભાઈ નાકરાણી, મુકેશ ચતુર્વેદી, હેમંત જરીવાલા, મેનેજર અરવિંદ આહીર તેમજ સચિન નોટીફાઈડના હેત પંચાલ અને ભૂમિત પટેલ ઉપસ્થિત રહ્યા હતા.

# ફિલ્મ પ્રોડક્શનમાં ભાગીદાર બનાવી NRI સાથે ૫.૮૦ કરોડની ઠગાઈ

**મૂળ** સણિયા કણદેના અને હાલ અમેરિકાના જ્યોર્જિયામાં રહેતા હિતેશ પટેલે ફરિયાદ નોંધાવી

સુરતઃ હીરા અને કાપડ બાદ હવે ફિલ્મ નિર્માણના ક્ષેત્રમાં પણ રોકાણના નામે મોટા પાયે છેતરપિંડીના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ડિંડોલી વિસ્તારના એક આધેડ, જેઓ હાલ અમેરિકામાં સ્થાયી થયા છે, તેમને સાઉથ ઈન્ડિયન ફિલ્મોમાં ભાગીદાર બનાવી મસમોટો નફો અપાવવાની લાલચ આપી બે ઠગબાજોએ રૂ. ૫.૮૦ કરોડ પડાવી લેતા આ મામલે ડિંડોલી પોલીસે ગુનો નોંધી હાઈ-પ્રોફાઈલ છેતરપિંડીના મૂળ સુધી પહોંચવા કવાયત શરૂ કરી છે.

સણિયા કણદે સ્થિત પટેલ ફળિયાના મૂળ રહેવાસી અને હાલ અમેરિકાના જ્યોર્જીયા ખાતે રીસેપ્શનિસ્ટ તરીકે નોકરી કરતા હિતેશકુમાર રમેશભાઈ પટેલ (૪૭) વર્ષ ૨૦૨૧માં હિતેશભાઈ જ્યારે ભારતમાં જમીન લે-વેચના વ્યવસાય સાથે જોડાયેલા હતા, ત્યારે તેમની મુલાકાત વરાછાની સાગર સોસાયટીમાં રહેતા રમેશ માધુ ગાંગાણી સાથે થઈ હતી. તેણે તેમની મુલાકાત મધુરમ આર્કેડમાં થિયેટર ચલાવતા ચેતનકુમાર ચંપક મૈસુરીયા (રહે. નવસારી) સાથે કરાવી હતી. આરોપી ચેતનકુમારે પોતાની ઓળખ 'ચેતનરાજ ફિલ્મ' પ્રોડક્શન હાઉસના માલિક તરીકે આપી હતી. તેણે હિતેશભાઈને વિશ્વાસમાં લેતા જણાવ્યું હતું કે, તે હાલમાં મોટા બજેટની સાઉથ ઈન્ડિયન ફિલ્મો બનાવી રહ્યો છે, પરંતુ ફંડની અછતને કારણે પ્રોજેક્ટ અટકી પડ્યો છે. જો તેઓ રોકાણ કરશે તો તેમને ફિલ્મમાં ભાગીદાર બનાવવામાં આવશે અને ફિલ્મ રીલીઝ થયા બાદ નફા સાથે રકમ પરત કરવામાં આવશે. તેમની વાતમાં આવી જઈને જાન્યુઆરી ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ દરમિયાન અલગ-અલગ સમયે રોકડ અને બેંક ટ્રાન્સફર મારફતે કુલ રૂ. ૫,૮૦,૦૦,૦૦૦ (પાંચ કરોડ એંસી લાખ) ચેતનકુમાર અને રમેશને આપ્યા હતા. જોકે, લાંબો સમય વીતવા છતાં ન તો કોઈ ફિલ્મ રીલીઝ થઈ કે ન તો હિતેશભાઈને તેમના પૈસા પરત મળ્યા. વારંવારની ઉઘરાણી છતાં બંને આરોપીઓ ગોળ-ગોળ વાતો કરી હાથ ઊંચા કરી દેતા આખરે મામલો પોલીસ સ્ટેશને પહોંચ્યો હતો.હાલ અમેરિકાથી પરત આવેલા હિતેશકુમાર પટેલે ડિંડોલી પોલીસ મથકમાં ચેતનકુમાર મૈસુરીયા અને રમેશ ગાંગાણી વિરુદ્ધ ફરિયાદ નોંધાવી છે.

# સ્કોર્પિયોની અડફેટે મહિલાનું મોત

**મોટા** વરાછામાં ત્રણ મહિલાને ઉડાવી દીધી હતી

સુરતઃ મોટા વરાછા આઉટર રિંગરોડ ઉપર સ્કોર્પિયો કાર ચાલકે અડફેટે લેતા અબ્રામાની મહિલાનું મોત થયું હતું.

અબ્રામા ગામમાં આવેલા ટાંકી ફળિયામાં ટીનુબેન કિશોરભાઈ રાઠોડ (47 વર્ષ) બે સંતાન સહિતના પરિવાર સાથે રહેતી હતી. ટીનુબેન મજૂરી કામ કરીને પરિવારનું ગુજરાન ચલાવતી હતી. રવિવારે બપોરે ટીનુબેન તેની અન્ય સાથીમિત્રો હીનાબેન ગણેશભાઈ રાઠોડ (ઉં.વ. 35, રહે. ટાંકી ફળિયુ અબ્રામાગામ) અને સંગીતા શૈલેષ રાઠોડ (ઉં.વ. 35 રહે. નવું ફળિયુ અબ્રામા ગામ) સાથે મોટા વરાછાના આઉટર રીંગરોડ ખાતે પ્રસંગમાં કેટેરિંગની મજૂરી કામ માટે આવ્યા હતા. ત્યાંથી સાંજે ત્રણેય મહિલા નજીકમાં આવેલી દુકાનમાં નાસ્તો અને ફૂડના પેકેટ સહિતની વસ્તુઓ લેવા ચાલતા જતા હતા. તે સમયે મોટા વરાછાના આઉટર રીંગરોડ હરિહર કાઠીયાવાડી ગાર્ડન રેસ્ટોરન્ટ પાસે પુરપાટ અને ગફલતરીતે હંકારતા સ્કૉર્પિયો કાર ચાલકે ત્રણેય મહિલાને ટક્કર મારી હતી. ત્યારબાદ કાર પલ્ટી થતા અકસ્માત સર્જાયો હતો. જેમાં ગંભીર ઈજા થતા ટીનુબેનનું ઘટનાસ્થળે કમકમાટીભર્યું મોત નિપજ્યું હતું. જ્યારે સંગીતા અને હીનાને ઈજા થતાં સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં લઈ ગયા હતા. આ અંગે ઉત્રાણ પોલીસે કારચાલક રોશન માલવિયા વિરુદ્ધ ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી છે.

**અનુસંધાન**... પાના છેલ્લાનું

### કોંગ્રેસના 40...

સંગઠનને સૂચના આપવામાં આવી હોવાથી આ વખતે જે બેઠકો પર કોંગ્રેસ જીત નિશ્ચિત માને છે, ત્યાંના ઉમેદવારો માટે ખાસ 'સેફ હાઉસ' તૈયાર કરાયા છે. આ સ્થળોની માહિતી માત્ર ગણ્યાગાંઠ્યા નેતાઓ સુધી મર્યાદિત રાખવામાં આવી છે. ઉમેદવારોનો બહારની દુનિયા સાથે સંપર્ક તોડવા માટે તેમના મોબાઈલ ફોન પણ જમા કરાવી દેવાયા છે અને પરિવાર સાથે પણ વાતચીત ન કરવાની કડક સૂચના આપવામાં આવી છે. પાર્ટીએ ઉમેદવારોની સુરક્ષા માટે વધુ એક પગલું આગળ વધારી દરેક ઉમેદવાર સાથે બે વિશ્વાસુ 'શેડો' કાર્યકરો તૈનાત કર્યા છે. આ કાર્યકરો ઉમેદવારની જરૂરિયાતો પૂરી કરવાની સાથે તેમની હિલચાલ પર નજર રાખશે.

કોઈ પણ પ્રકારની શંકાસ્પદ હરકત અથવા સંપર્કની કોશિશ થાય તો તરત જ હાઈકમાન્ડને જાણ કરવાની સૂચના આપવામાં આવી છે. આ ઉપરાંત ઉમેદવારોના સોશિયલ મીડિયા એકાઉન્ટ્સ અને તેમના રહેઠાણ પર પણ કોંગ્રેસે બાજ નજર ગોઠવી છે. ભાજપ અથવા અન્ય પક્ષના નેતાઓ સંપર્ક ન કરી શકે તે માટે ઉમેદવારોના ઘરની બહાર પણ ખાસ દેખરેખ રાખવામાં આવી રહી છે. 'કુંભાણી ફોબિયા'ને ધ્યાનમાં રાખીને કોંગ્રેસે આ વખતે અજ્ઞાત લોકેશન અને કડક નિયંત્રણવાળી રણનીતિ અપનાવી છે, જોકે, હવે પ્રચાર અને ચૂંટણીના પરિણામોમાં શું નવાજૂની થાય છે તે જોવું રહ્યું.

### ગણદેવી પાલિકાની...

પણ હતો. આ ઉપરાંત વોર્ડ નં. ૫ માં અપક્ષ ઉમેદવાર નિતાબેન વિનોદભાઈ સુર્વેનું ઉમેદવારી પત્રક પણ રદ થયું હતું. જેમાં ટેકો આપનાર અને દરખાસ્ત કરનાર બે જગ્યામાં એક જ વ્યક્તિ હોવાનું કહેવાય છે.

ક્રમ નંબર પણ મિસમેચ હતા. જેને પગલે પાલિકાની કુલ ૨૪ બેઠકો પૈકી ૨૧ બેઠકો ઉપર ભાજપને સીધો ફાયદો થયો હતો. હજુ બુધવારે ઉમેદવારી ખેંચવાનો દિવસ છે. ત્યાં સુધીમાં ગણદેવી નગરપાલિકા ચૂંટણી સમરસ બનવાના એંધાણ વર્તાઈ રહ્યા છે.

### SVNIT કેમ્પસમાં...

કારણે કેમ્પસની સુરક્ષા વ્યવસ્થા અને આંતરિક શિસ્ત અંગે સવાલો ઊભા થયા છે.

પ્રાપ્ત માહિતી મુજબ, ઈવેન્ટ દરમિયાન કોઈ મુદ્દે થયેલી બોલાચાલી બાદ વાત તંગ બની અને કેટલાક સેકન્ડ યરના વિદ્યાર્થીઓએ સિનિયર વિદ્યાર્થીને ફટકાર્યો હતો. ઘટનાના પગલે કેટલાક વિદ્યાર્થીઓએ તાત્કાલિક પોલીસને જાણ કરી, જેથી ઉમરા પોલીસ સ્ટેશનની ટીમ કેમ્પસ સુધી પહોંચી હતી. ઘટનામાં સૌથી ચર્ચાસ્પદ પાસું એ રહ્યું કે સંસ્થાના પ્રોફેસરોએ તાત્કાલિક દરમિયાનગીરી કરીને પોલીસને કેમ્પસની અંદર પ્રવેશતા અટકાવી દીધી હોવાનો આક્ષેપ થયો છે. સૂત્રો અનુસાર, સંસ્થાનું નામ ખરાબ ન થાય તે હેતુથી મામલો આંતરિક રીતે સંભાળવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓએ વધુ ગંભીર આક્ષેપ કરતા જણાવ્યું છે કે, પ્રોફેસરોએ પીડિતોને સહાય કરવા કરતાં પોલીસને જાણ કરનાર વિદ્યાર્થીઓને જ ઠપકો આપ્યો હતો. "પોલીસને કેમ બોલાવી?"જેવા પ્રશ્નો સાથે દબાણ બનાવવામાં આવ્યું હોવાનું વિદ્યાર્થીઓ કહે છે. આ વલણથી સંસ્થાની જવાબદારી અંગે પ્રશ્નો ઊભા થયા છે.

#### દારૂના નશામાં હુમલાનો આક્ષેપ

આ સમગ્ર ઘટનામાં એક વધુ ચિંતાજનક બાબત સામે આવી છે કે હુમલો કરનાર કેટલાક વિદ્યાર્થીઓ દારૂના નશામાં હતા. જો આ આક્ષેપ સાચો સાબિત થાય, તો કેમ્પસમાં નશીલા પદાર્થોની એન્ટ્રી અને સુરક્ષા વ્યવસ્થા અંગે ગંભીર ખામી દર્શાવે છે. આ ઘટના માત્ર એક સામાન્ય ઝઘડો નથી, પરંતુ કેમ્પસમાં શિસ્ત, વિદ્યાર્થીઓની સલામતી અને સંસ્થાની જવાબદારી જેવા મુદ્દાઓને ઉજાગર કરે છે.

### 70 હજાર રૂપિયાની...

હોય તેવું દેખાતું નથી. કોર્પોરેટરોને પણ વાહવાહી લેવાનો શોખ પતી ગયો. મલાઈ ખવાઈ ગઈ અને હવે પ્રોજેક્ટને ખોરંભે ચડાવી દેવાયો. આવી જ સ્થિતિ સાયકલ ટ્રેકની થઈ છે. ઉધના મગદલ્લા રોડ, વીઆઈપી રોડ પર રાતોરાત સાયકલ ટ્રેક માટે કલર મારી દેવામાં આવ્યો. રસ્તા પર આડશ માટે લાલ કલરના સેફ્ટીકોન મુકી દેવાયા. આજે એવી હાલત છે કે આ ટ્રેક પર સાયકલ ચલાવતું કોઈ દેખાતું નથી અને ટ્રેકનો કલર પણ ગાયબ થઈ ગયો છે. કરોડોના આંધણ પછી આ હાલત છે.

### બે પક્ષો દ્વારા...

રોકડ ઉપાડી લેવાનું વધતા યુનિયન બેંક,પંજાબ નેશનલ બેંક,બેંક ઓફ બરોડા પાસે વધુ રોકડની માંગ કરવામાં આવી હતી. પણ આ બેંકોએ સહકારી બેંકોને સામાન્ય દિવસોની ડિમાન્ડ કરતા વધુ રોકડ આપવા ઈનકાર કરવામાં આવ્યો હતો.

#### કારીગરોના પગારના દિવસે...

બેંકમાં ટેકસટાઈલ અને હીરા કારખાનાના કારીગરોના ખાતા છે. અમારી માંગ પગારના દિવસે 60 કરોડની છે. પણ અમને 30 કરોડની જ ફાળવણી થઈ છે. એને લીધે અમે એટીએમ.માં રોકડ મૂકી રહ્યાં નથી. એક બેંકના એકાઉન્ટમાંથી બીજી સહકારી બેંકમાં RTGS કરી ચેકથી રોકડ ઉપાડવાની ગતિવિધિ વધી છે.

### મતદારો નેતાઓને...

કારણે આ રોડ પરથી પસાર થતાં અન્ય વાહનોને ભારે મુશ્કેલી થતી હતી પરંતુ 'મલાઈ' ખાવા જીદે ચડેલી સુરત મનપાએ આશરે 75 કિ.મી. નો સાયકલ ટ્રેક બનાવી દીધો હતો. અને રૂપિયા 2.70 કરોડ જેટલો ખર્ચો પણ કરી નાખ્યો. જ્યારે વિવાદ થયો ત્યારે એવો બચાવ કર્યો કે આ તો ટ્રાયલ માટે છે. જો ટ્રાયલ માટે જ હતું તો આટલો મોટો ખર્ચો કેમ કર્યો?

### ઉમેદવારીપત્રોની ચકાસણીમાં...

થાય છે કે મુખ્ય રાજકીય પક્ષો વચ્ચે કટોકટીની ટક્કર જોવા મળશે.

ખાસ કરીને કોંગ્રેસ માટે એક અજોડ ઘટના સામે આવી છે, જેમાં વોર્ડ નંબર 12ના ઉમેદવાર ભુપેન્દ્ર પટેલે પોતાના ફોર્મમાં પક્ષનું નામ જ નોંધ્યું ન હતું. આ ગંભીર ભૂલને કારણે તેમનું ફોર્મ રદ કરવામાં આવ્યું છે. આ ઉપરાંત આમ આદમી પાર્ટીના પણ ત્રણ ઉમેદવારોના ફોર્મ રદ થયા છે. તેમાં વોર્ડ 20ના ગિરીશ ચૌહાણ, વોર્ડ 21ની દક્ષા ભાવસાર અને વોર્ડ 27ની જાગૃતિબેન બલદાણિયાનું નામ સામેલ છે. હવે આગામી 15 તારીખે ઉમેદવારી ફોર્મ પરત ખેંચવાની અંતિમ તારીખ છે. ત્યારબાદ ચૂંટણીનો જંગ વધુ સ્પષ્ટ બનશે. 26 તારીખે મતદાન યોજાશે, જેને લઈને શહેરમાં રાજકીય ગરમાવો વધતો જઈ રહ્યો છે.

#### કલેક્ટર કચેરીમાં ઉમેદવારો અને સમર્થકોની ભીડ લાગી હતી

ફોર્મ ચકાસણીમાં સવારથી જ કલેકટર કચેરીએ ભારતીય જનતા પાર્ટી, આમ આદમી પાર્ટી અને ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ સહિતના ઉમેદવારો અને તેમના સમર્થકોની ભારે ભીડ ઉમટી પડી હતી. ઉમેદવારી પત્રકોની સઘન ચકાસણી દરમિયાન રાજકીય પક્ષોના કાર્યકરો વચ્ચે તણાવપૂર્ણ વાતાવરણ પણ સર્જાયું હતું.

## સુરત મનપાના વોર્ડમાં ઉમેદવારોની માહિતી

| વોર્ડ | ફોર્મ | મંજૂર | રદ |
|---|---|---|---|
| 1 | 32 | 16 | 16 |
| 2 | 27 | 13 | 14 |
| 3 | 35 | 16 | 19 |
| 4 | 30 | 13 | 17 |
| 5 | 42 | 15 | 27 |
| 6 | 38 | 13 | 25 |
| 7 | 35 | 13 | 22 |
| 8 | 41 | 17 | 24 |
| 9 | 26 | 12 | 14 |
| 10 | 22 | 13 | 9 |
| 11 | 37 | 16 | 21 |
| 12 | 54 | 32 | 22 |
| 13 | 46 | 25 | 21 |
| 14 | 39 | 19 | 20 |
| 15 | 34 | 13 | 21 |
| 16 | 26 | 12 | 14 |
| 17 | 25 | 14 | 11 |
| 18 | 52 | 28 | 24 |
| 19 | 42 | 19 | 23 |
| 20 | 41 | 21 | 20 |
| 21 | 28 | 10 | 18 |
| 22 | 26 | 12 | 14 |
| 23 | 31 | 13 | 18 |
| 24 | 28 | 20 | 8 |
| 25 | 39 | 26 | 13 |
| 26 | 35 | 13 | 22 |
| 27 | 40 | 18 | 22 |
| 28 | 34 | 21 | 13 |
| 29 | 31 | 15 | 16 |
| 30 | 43 | 25 | 18 |

## રૂ.૩૮.૧૨ લાખનાં સોનાની ઠગાઈ કેસમાં આરોપીને જામીન

સુરતઃ રૂ.૩૮,૧૨,૪૩૦ના સોનાના ઠગાઈ કેસમાં અમદાવાદના આરોપી ચિરાગ દેવજી અંટાળાની જામીન અરજી સેશન્સ કોર્ટે મંજૂર કરી હતી. આરોપી ચિરાગ અંટાળા સામે લાલગેટ પોલીસ સ્ટેશને રૂ.૩૮,૧૨,૪૩૦ મત્તાનું સોનું લઈ ભાગી ગયાની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ હતી. જેમાં પોલીસે આરોપીની ધરપકડ કરી હતી. આ કેસમાં જામીન પર છૂટવા માટે આરોપીએ વકીલ રોહન કે. પાનવાલા મારફતે સેશન્સ કોર્ટમાં જામીન અરજી રજૂ કરી હતી. આરોપી તરફે વકીલ રોહન કે. પાનવાલાએ દલીલ કરી હતી કે આ ગુનામાં આરોપીને ખોટી રીતે ફસાવ્યો છે. ફરિયાદી અને આરોપી ભાગીદાર છે. ભાગીદારીમાં ધંધો કરવા સોનું મેળવી આગળ વેચતા પાર્ટીમાં પૈસા ફસાઈ જતાં ફરિયાદીએ આખો દોષનો ટોપલો હાલના અરજદાર આરોપી ઉપર નાંખી દીધો છે. અરજદાર આરોપી તરફેની દલીલો સેશન્સ કોર્ટે ગ્રાહ્ય રાખી આરોપીની જામીન અરજી મંજૂર કરી હતી.